તારીખ: ૨૬ મે, ૨૦૧૫

આદરણીય શ્રી,

“આપણો નવતર પ્રયોગ આપણા વિદ્યાર્થીઓ માટે” પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (આઈ.આઈ.એમ) અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી) દ્વારા જૂથ-ચર્ચાની શરૂઆત કરેલ છે. નવીનીકરણ દ્વારા શિક્ષણની વ્યવસ્થા સુધારવા માટે શિક્ષકોની અને શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી) ની સહભાગિતા કઈ રીતે વધુ મજબૂત બનાવવી તે સંદર્ભમાં આપના મંતવ્યો જાણવાની શરૂઆત કરેલ છે. આપના મંતવ્યો જાણી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ માહિતી ટીચર્સ એઝ ટ્રાન્સફોર્મરની વેબસાઈટ (http://www.teachersastransformers.org/)પર મુકવામાં આવે છે.

આ જૂથ ચર્ચામાં આપની સક્રિય સહભાગિતા બદલ આપનો આભાર વ્યક્ત કરવામાં આવે છે. આપને તારીખ ૧૫ મે, ૨૦૧૫ ના રોજ પૂછવામાં આવેલ પ્રશ્ન અને તે સંદર્ભમાં આપે જે મંતવ્યો રજુ કર્યા તેના ૧૫ પોઈન્ટ થતા આ પત્ર મોકલવામાં આવે છે. આ સાથે આપના દ્વારા આપવામાં આવેલ ઉત્તરના તારણ આ પત્ર સાથે જોડેલ બીડાણમાં છે. આશા છે કે આપ આ જૂથ ચર્ચામાં સક્રિય ભાગીદારી ચાલુ રાખશો અને આપના અમુલ્ય અભિપ્રાય અને મંતવ્યો આપતા રહેશો.

આભાર સહ,



અવિનાશ ભંડારી (પ્રોજેક્ટ મેનેજર, એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક)

**પ્રશ્ન: શું આપે આપની શાળામાં ગામ ફાળો એકઠો કરી પ્રોજેક્ટર રૂમ બનાવવા જેવી કોઈ પ્રવૃત્તિ કરેલ છે? તેની ટૂંકી વિગત જણાવો.**

**શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો નીચે મુજબની શાળા અને વિદ્યાર્થીઓના વિકાસ માટેની પ્રવૃત્તિ કરે છે:**

- એક શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ ૯૯૫૦૦ રૂપિયા દાન દ્વારા એકઠા કરી સ્માર્ટ ક્લાસ બનાવવામાં આવ્યો જેની જાળવણીનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી પણ દાતાઓ જ નિભાવે છે તથા આ ક્લાસમાં વિદ્યાર્થીઓ એનીમેશનથી બનાવેલ શૈક્ષણિક પ્રોગ્રામ નિયમિત જોવે છે.
- શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા મોબાઈલ લેબ બનાવવામાં આવી છે જેના દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગો બતાવવામાં આવે છે અને તેઓ જાતે પ્રયોગ કરે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.
- શાળામાં ટી.વી. ડી.વી.ડી.ના ઉપયોગથી શૈક્ષણિક સીડી દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું અને પ્રોજેક્ટરના ઉપયોગથી વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશન દેખાડવામાં આવ્યું.
- એક એસ.એમ.સી. સમિતિએ ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં ૩ વર્ષ દરમિયાન ૭૦૦૦૦ રૂપિયા એકઠા કરી શાળાની ભૌતિક સુવિધામાં વધારો કર્યો છે.
- ગામલોકો પાસેથી ફાળો એકઠો કરી શાળામાં પ્રાર્થનાસભા માટે ઓટલો બનાવવામાં આવ્યો જેના પર દરરોજ પ્રાર્થનાસભા આયોજિત કરવામાં આવે છે.
- શાળામાં કમ્પ્યુટર પર સોફ્ટવેર બનાવવામાં આવ્યા જેના પર વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાનના પ્રશ્નો દર શનિવારે પૂછવામાં આવે છે અને તેમના સામાન્ય જ્ઞાન માં વધારો કરવામાં આવે છે.
- શાળામાં એલ.ઈ.ડી. પ્રોજેક્ટર રૂમ બનાવવામાં આવ્યો જેના દ્વારા જ શિક્ષકો વિદ્યાર્થીઓને શીખવે છે અને પાઠનું પુનરાવર્તન પણ વિદ્યાર્થીઓ તેના પર જ કરે છે.
- શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા ગામલોકોના સહકારની મદદથી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમના પહેરવેશ ડ્રેસ આપવામાં આવ્યા અને દાતા દ્વારા મળેલ માઈક સેટનો પણ પ્રાર્થનાસભામાં ઉપયોગ કરવામાં આવે છે.